આહાહા..! આ તો મંત્રો છે, ભાઈ! વાદવિવાદ કર્યે તો પાર આવે એવું નથી. નિમિત્તથી થાય, નિમિત્તથી થાય કહો કે વ્યવહારથી થાય, બધી એક જ વાત છે. એક જ વાત છે, ભાઈ! કોઈ વખતે નિમિત્તથી થાય અને કોઈ વખતે ઉપાદાનથી થાય, કોઈ વખતે વ્યવહારથી થાય, કોઈ વખતે નિશ્ચયથી થાય. ભાઈ! એમ નથી, હોં! આહાહા..! એક જ વખતે તું ભગવાનને સમ્યગ્જ્ઞાન નેત્ર દ્વારા જોતાં પૂર્વના બાંધેલા કર્મો તૂટી જશે. બીજી કોઈ રીત નથી. આહાહા..! આવું છે ભગવાન. '**हे योगीन तू क्यों नहीं जानता**?' ભાવાર્થ કહેંઈ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## વીર સંવત ૨૫૦૨, જયેષ્ઠ વદ ૧૧, બુધવાર
## તા. ૨૩-૦૬-૧૯૭૬, ગાથા-૨૭-૨૮, પ્રવચન નં. ૧૬

'પરમાત્મપ્રકાશ' ૨૭મી ગાથા. ફરીને થોડું લઈએ છીએ. શબ્દાર્થ છે ને શબ્દાર્થ? '**येन दृष्टेन लघु पूर्वकृतानि कर्माणि त्रुटयन्ति**' જેને દેખવાથી-ભગવાન પરમાત્મસ્વરૂપ પોતે છે એને દેખવાથી '**लघु शीघ्र ही पूर्वकृतानि**' એનો અર્થ જરી કર્યો છે. '**परमात्मनः प्रतिबन्धकानि**' એટલે નિમિત્ત છે ને? '**निर्वाणके रोकनेवाले पूर्व उपार्जित कर्म चूर्ण हो जाते हैं,...**' '**येन दृष्टेन**' જે વસ્તુ ભગવાન પરમાત્મસ્વરૂપ દેહથી ભિન્ન બિરાજે છે, જેને દેખવાથી પૂર્વના અજ્ઞાન ભાવે બંધાયેલા કર્મો એ તૂટે છે. સમજાણું કાંઈ? '**येन दृष्टेन**' એમ છે ને? '**जैं दिट्ठें**' સંસ્કૃતમાં '**येन दृष्टेन**' જેને દેખવાથી-ભગવાન પરમાત્મસ્વરૂપ, એને દેખવાથી એટલે નિર્વિકલ્પ શાંત પરિણતિ દ્વારા તેને દેખવાથી. આહાહા..! આવી વાત છે. છે ને?

'**सदा आनंदरूप वीतराग निर्विकल्प समाधिस्वरूप निर्मल नेत्रोंकर देखनेसे...**' આહાહા..! સદા આનંદરૂપ વીતરાગ. આ વર્તમાન પરિણતિની વાત છે, હોં! વસ્તુ છે એ પરમાત્મસ્વરૂપ છે. તેને દેખનારી પરિણતિ-અવસ્થા સદા આનંદરૂપ વીતરાગ છે. એવી નિર્વિકલ્પ સમાધિ. રાગ વિનાની દશા એટલે કે શાંતિ સમાધિ, એવા સ્વરૂપ નિર્મળ નેત્ર. આહાહા..! પૂર્ણ પરમાત્મ સ્વભાવને નિર્મળ નેત્ર દ્વારા. નિર્મળ નેત્ર એટલે? સ્વસન્મુખની નિર્વિકલ્પ શાંતિરૂપી સમ્યક્ નેત્રથી જોતાં. આહાહા..!

'**पूर्वकृतानि लघु कर्माणि त्रुटयन्ति**' આહાહા..! પૂર્વે જે અજ્ઞાનભાવથી ઉપાર્જેલા કર્મો (છે) એ શીઘ્ર ચૂર્ણ થઈ જાય છે. આહાહા..! '**पूर्वकृतानि**' નો અર્થ એવો કર્યો છે. '**पूर्वकृतानि**'નો અર્થ રોકવાવાળા. નિમિત્તથી કથન છે. '**प्रतिबन्धकानि**' છે ને? '**परमात्मनः प्रतिबन्धकानि**' આહાહા..!

એથી તો વાત છંછેડી. પ્રતિબંધ. એ શબ્દ છે આમાં. એનો અર્થ શું પણ? પોતે જે ઊલટી પરિણતિ કરી છે એ એને પ્રતિબંધ છે. કર્મ તો નિમિત્તરૂપે છે. ઊલટી પરિણતિ જે

સ્વભાવના ભાન વિના વિપરીત પરિણતિ જે કરી છે તે રુકાવટ છે. એને અંતર નિર્મળ પરિણતિ દ્વારા શુદ્ધ પરમાત્માને જોતા તે અશુદ્ધ પરિણતિ છૂટી જાય છે. વાત એમ છે. કર્મ તો જડ છે. જડને છૂટવું કે તૂટવું એ કંઈ આત્માના અધિકારની વાત નથી.

મુમુક્ષુ :- નિમિત્તને માનતા નથી.

ઉત્તર :- કીધું નહિ? નિમિત્ત તો હોય. આહાહા..! નિમિત્ત કઈ ક્ષણે નથી? અને કયે ક્ષણે ઉપાદાનનું કાર્ય સ્વતંત્ર થતું નથી?

મુમુક્ષુ :- પ્રતિબંધક માનો તો માનો કહેવાય.

ઉત્તર :- પ્રતિબંધ કોને કહે છે? એ કાલે નહોતું કહ્યું? 'પંચાસ્તિકાય'નું, નહિ? ૧૬૩ ગાથા. પોતે વિષયની મર્યાદામાં અટકે છે એ પ્રતિબદ્ધ છે. છે? 'પંચાસ્તિકાય'. '**ખરેખર સૌખ્યનું કારણ સ્વભાવની પ્રતિકૂળતાનો અભાવ છે.**' આ પ્રતિકૂળતા અને પ્રતિબંધની વ્યાખ્યા, પંડિતજી! ખરેખર સૌખ્યનું કારણ-આત્માના આનંદનું કારણ સ્વભાવની પ્રતિકૂળતાનો અભાવ (છે). 'પ્રતિકૂળતા, વિરુદ્ધતા, વિપરીતતા, ઊલટાપણું.' '**આત્માનો સ્વભાવ ખરેખર દશિ-જ્ઞપ્તિ (દર્શન અને જ્ઞાન) છે. તે બંનેને વિષયપ્રતિબંધ હોવો તે 'પ્રતિકૂળતા' છે.**' વિષયમાં રુકાવટ કરે છે. મર્યાદિત-રોકે છે તે સ્વભાવની પ્રતિકૂળતા છે. આહાહા..! શું કહ્યું એ? પોતાની પર્યાય અલ્પ વિષયમાં રોકે છે તે રુકાવટ છે. આવી વાત છે, ભાઈ! જેને જોનારની પર્યાય જેની છે એને જોવા રોકાતો નથી અને પરના વિષયમાં જોવા રોકાય છે એ જ એની પ્રતિકૂળતા અને પ્રતિબંધ છે. ભાઈ!

ભગવાનઆત્મા '**येन दृष्टेन**' કહ્યું છે ને? આહાહા..! શુદ્ધાનંદ પરમાત્મસ્વરૂપ પ્રભુ, એને જે નિર્મળ શાંતિની અકષાયની, સમાધિની પરિણતિ દ્વારા નિર્મળ નેત્ર દ્વારા જોવો જોઈએ, એને ન જોતાં બહારના વિષયોને (જોવામાં) અલ્પ વિષયમાં પર્યાયને રોકે છે એ જ એની રુકાવટ છે. બરાબર છે? આહાહા..! બંનેને વિષય પ્રતિબદ્ધ હોવો તે પ્રતિકૂળતા છે. આહાહા..! '**મોક્ષમાં ખરેખર આત્મા સર્વને જાણતો અને દેખતો હોવાથી તેનો અભાવ હોય છે.**' અલ્પપણામાં જે અટકતો તેનો મોક્ષમાં અભાવ છે. આહાહા..! આવી વાત છે.

'**અર્થાત્ સમ્યગ્જ્ઞાનકે અભાવસે (અજ્ઞાનસે) જો પહલે શુભ અશુભ કર્મ કમાયે થે, વે નિજસ્વરૂપકે દેખનેસે હી નાશ હો જાતે હૈં,...**' આહાહા..! પર સ્વરૂપમાં એકલો દેખવાથી અટકેલો હતો અને એને લઈને કર્મ ઉપર્જ્યું એ તો પરવસ્તુ છે. સમજાણું કાંઈ? પોતાના સ્વરૂપને ન જોતાં પર તરફના વિષયની અલ્પતામાં જ્ઞાનને રોકીને જે પ્રતિબદ્ધ હતો, તે '**येन दृष्टेन**' એ ભગવાનઆત્માને જોવાથી તે પ્રતિબદ્ધનો નાશ થઈ જાય છે. આવું છે આ. છે? '**નિજસ્વરૂપકે દેખનેસે હી...**' આહાહા..! જ્ઞાનને અલ્પ વિષયમાં-પરમાં રોકેલું હતું, એ જ્ઞાનની પરિણતિએ પૂર્ણાનંદના નાથને જોયો, એ તરફ દશા ઢળી એટલે પ્રતિબદ્ધના જે કારણ હતા એનો નાશ થાય છે. આહાહા..! આવી વાતું ઝીણી બહુ, બાપુ! આ તો પરમાત્માના ઘરની વાત, ભાઈ! આમાં... આહાહા..!

કહે છે, જુઓ! '**ઉસ સદાનંદરૂપ પરમાત્માકો દેહમેં બસતે હુએ ભી...**' '**तं परं**'

પરમાત્મા. પરમ સ્વરૂપ ભગવાન પૂર્ણ આનંદ, પૂર્ણ જ્ઞાન, પૂર્ણ શાંતિ એવો જે પરમાત્મા એ પરમ્. આહાહા..! એવા પરમ પરમાત્માને '**સદાનંદરૂપ પરમાત્માકો...**' આહાહા..! પહેલું લીધું હતું કે સદાનંદરૂપ વીતરાગની સમાધિ. એ પરિણતિ-પર્યાય લીધી હતી. સદા આનંદરૂપ વીતરાગ નિર્વિકલ્પ સમાધિથી જો. હવે એ પોતે કેવો છે? સદાનંદરૂપ પરમાત્મા પોતે છે. આહાહા..! સદાનંદરૂપ ભગવાનઆત્મા ત્રિકાળ આનંદરૂપ છે. એને આનંદની પરિણતિ દ્વારા, શાંતિ દ્વારા જો. ત્યાં જો. એને ભગવાનને જો. આહાહા..! ભગવાનને ભાળ. આવી વાત છે.

'**દેહમેં બસતે હુએ હે યોગી...**' આહાહા..! સદાનંદસ્વરૂપ ભગવાન ત્યાં અંદર પ્રભુ બિરાજે છે ને. આહા..! દેહમાં ભિન્ન બિરાજે છે. એમાં વસેલાને તું કેમ જોતો નથી? એવી વસેલી વસ્તુને કેમ જોતો નથી? એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે. '**ઉસ સદાનંદરૂપ પરમાત્માકો...**' '**देहे वसन्तं**' શરીરના રજકણની જોડે ભિન્ન પ્રભુ બિરાજે છે. આહાહા..! એને '**હે યોગી...**' '**किं न जानासि**' આહાહા..! જાણનારને કેમ જાણતો નથી? એમ કહે છે. અને બીજી ચીજ જણાય ત્યાં રોકાય ગયો છો, ભાઈ! આહાહા..! જાણનારો એને તું જાણતો નથી અને જે જણાવા લાયક પરવસ્તુ છે ત્યાં રોકાય ગયો છો. આહાહા..! અને તે ભગવાન બિરાજે છે. સાક્ષાત્ પ્રભુ છે. આહા..! એને '**તૂ ક્યોં નહીં જાનતા**?' આહાહા..! શું ગાથા છે! આ વસ્તુસ્થિતિ એવી છે, ભાઈ! આ કોઈ વાદવિવાદે પાર પડે એવું નથી. વસ્તુની મર્યાદા છે એ રીતે જાણે તો ખબર પડે. સમજાણું કાંઈ?

**ભાવાર્થ :–** '**તૂ ક્યોં નહીં જાનતા**?' પ્રભુ પરમાત્મા છે ને એની સામે કેમ જોતો નથી? આહાહા..! મોટો પુરુષ મળવા આવ્યો હોય અને એની સામું ન જોતા બાળકની સાથે વાત કરવા રોકાય જાય. આહાહા..! છોકરો આવ્યો બે વર્ષનો-ચાર વર્ષનો. બાપુ! આમ. બાપુ! આમ. પણ ઓલો મોટો મળવા આવ્યો એની સામું તો જોતો નથી અને આની સાથે રોકાઈ ગયો. આહાહા..! એમ પરમાત્મા પૂર્ણાનંદનો નાથ, જેને મળવા જેવું છે ત્યાં મળતો નથી. અને મળવા જેવું નથી ત્યાં રોકાઈ ગયો, આમને આ ને આ ને આ... એ ભૂલ તારી છે, પ્રભુ! આહાહા..! એ ભૂલ કોઈએ કરાવી છે એમ નથી.

મુમુક્ષુ :– આ ભૂલ નાની છે કે મોટી?

ઉત્તર :– આ મોટી ભૂલ છે નિગોદમાં જવાની. અને ઓલી પરમાત્મામાં જવાની.

'**જિસકે જાનનેસે કર્મ-કલંક દૂર હો જાતે હૈં વહ આત્મા શરીરમેં નિવાસ કરતા હુઆ ભી...**' આહાહા..! ભગવાન પોતાનું અસ્તિત્વ શરીરમાં રાખતો હોવા છતાં શરીરથી ભિન્ન અસ્તિત્વ રહે છે. સમજાણું કાંઈ? '**શરીરમેં નિવાસ કરતા હુઆ ભી...**' ક્ષેત્રમાં જાણે શરીરમાં રહ્યો હોય એમ કહેવા છતાં '**દેહરૂપ નહીં હોતા,...**' શરીરરૂપે થયો નથી. એ તો પોતાના આનંદસ્વરૂપે પ્રભુ રહ્યો છે. આહાહા..! '**શરીરમેં નિવાસ કરતા હુઆ ભી દેહરૂપ નહીં હોતા, ઉસકો તૂ અચ્છી તરહ પહચાન...**' આહાહા..! માથે કીધું હતું ઈ નિર્વિકલ્પ હતું. આહાહા..! ભૂતાર્થ ભગવાન પરમાત્મા છે એને તું જો. બાકી બહારને જોઈ જોઈને તો અનંત વખત ગાળ્યો તેં, પ્રભુ! આહાહા..! જે ચીજ તારામાં નથી તેને જોવાને વખત પ્રભુ તેં

ગાળ્યો. જે ચીજ તારામાં છે એને જોવાને તેં વખત ન લીધો. આહાહા..! વીતરાગ માર્ગ એવો બાપુ છે. આહાહા..! વસ્તુ એવી છે. ઓહોહો..!

**'ઉસકો તૂં અચ્છી તરહ પહચાન ઔર દૂસરે અનેક પ્રપંચોં** (ઝગડો)**કો તો જાનતા હૈ,...'** જુઓ ભાષા! આહાહા..! પરને, શરીરને, દેશને, કુટુંબને, આને ને તેને.. આહાહા..! એ બધા પ્રપંચો પર છે એને જાણવામાં રોકાય છે. આહાહા..! **'અપને સ્વરૂપકી તરફ ક્યોં નહીં દેખતા?'** સમજાય છે કાંઈ? આહાહા..! એકલો પરપ્રકાશમાં રોકાઈ ગયો છે, એમ કહે છે. સ્વપ્રકાશ રહી ગયો આખો. સમજાણું કાંઈ? વીતરાગ માર્ગ, બાપા! અનંત પુરુષાર્થ માગે છે. એ કાંઈ સાધારણ વાત નથી. આહાહા..! જેની દિશા પલટાવી નાખવાની છે, એમ કહે છે. જે જ્ઞાન તે પરના પ્રપંચના ઝઘડાને જાણવા રોકાણું છે... આહાહા..! પ્રભુ! એ જ્ઞાનને અંતરમાં વાળ. ત્યાં ભગવાન બિરાજે છે. આહાહા..! કહો, 'સુજાનમલજી'! આવી વાત છે.

બીજી રીતે કહ્યું કે જ્ઞાનની પર્યાય પરને જાણવા રોકાણી પરપ્રકાશકમાં, પણ સ્વપ્રકાશ રહી ગયો અંદર. આહાહા..! જેને જાણવામાં સ્વપ્રકાશ પ્રગટે છે. અને એ સ્વપ્રકાશમાં પછી પરનું જાણવું થાય એ તો સ્વપરપ્રકાશક પોતાનો સ્વભાવ છે. આહાહા..! આ 'પંચાધ્યાયી'માં નથી કહ્યું? હે મહાપ્રજ્ઞ! જાણવાનો તો સ્વભાવ છે માટે પરને જાણવું એ કાંઈ નુકસાનકારક નથી.

મુમુક્ષુ :- .. સ્વ અને પરને...

ઉત્તર :- જાણે છે. એ છે 'પંચાધ્યાયી'માં. એ ચર્ચા પહેલા બહુ ચાલી હતી. (સંવત) ૧૯૯૦ની સાલ. ત્યાં 'વીરજીભાઈ' સાથે વાત ચાલતી હતી, 'રાજકોટ'. જ્ઞાન છે એ તો પ્રજ્ઞાબ્રહ્મ ભગવાન જાણે. બધું જાણવું એ કાંઈ નુકસાનનું કારણ નથી. પણ એ જાણવામાં સ્વપ્રકાશક ક્યારે પરને જાણે? એ એનું સ્વપરપ્રકાશક ત્યારે સિદ્ધ થાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ... પરને જાણીને પરને છોડવાનો...

ઉત્તર :- એ તો સ્વને જાણ્યા પછી પરને જાણવાનું તો એનું સ્વરૂપ જ છે. કેવળજ્ઞાની બધાને જાણે છે કે નહિ? પણ એ તો સ્વને જાણતા એનો સ્વભાવ સ્વપરપ્રકાશવું કાર્ય છે એથી તે પ્રકાશે છે. પણ એકલા પરને પ્રકાશવા જતાં પરપ્રકાશક ભાવ એ એનો સ્વભાવ નથી એકલો. આહાહા..! સમજાણું કાંઈ? 'કેશવલાલજી'! આવું છે. આહા..!

જે ત્રિકાળી પરમાત્મસ્વરૂપ છે અને તે દેહથી ભિન્ન ત્યાં રહેલું તત્ત્વ છે અંદર. એ કાંઈ બહાર જોવા જાય એવું નથી. આહાહા..! એવો જે ભગવાન એને તું કેમ જાણતો નથી, ભાઈ! આહાહા..! છે? **'ઉસકો તૂ અચ્છી તરહ પહચાન...'** આહાહા..! ભગવાન જ્ઞાનમૂર્તિ પ્રભુ પૂર્ણ આનંદને ભલી રીતે એટલે સ્વસન્મુખ થઈને નિર્વિકલ્પ શાંતિ દ્વારા તેને જાણ. આહાહા..! આવો માર્ગ (છે).

**'ઔર દૂસરે અનેક પ્રપંચોં** (ઝગડોં)**કો તો જાનતા હૈ;...'** અરે..! શાસ્ત્રના જાણપણા અને પરના એકલા (જાણપણા), ઝઘડો છે કહે છે. આહાહા..! એના એને અભિમાન થઈ જાય પછી તો. આહાહા..! અમને આવડે છે અને અમે આ. અરે..! પ્રભુ! ભાઈ! એ તારા

મારગડા... બાપા! સ્વ-પરમાત્માને જાણતા એ તરફ-'**સ્વરૂપકી તરફ ક્યોં નહીં દેખતા? વહ નિજ સ્વરૂપ હી ઉપાદેય હૈ,...**' ખરેખર તો જાણવાલાયક એક જ ચીજ છે, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? 'પરમાત્મપ્રકાશ' 'યોગીન્દ્રદેવ'. આહાહા..!

દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ થયા એની તો વાત એક કોર મૂકી દીધી. પણ આ તો પરને જાણવામાં રોકાવું એ પ્રતિબંધ છે, રોકાઈ ગયો, એમ કહે છે. શું કીધું? કે દયા, દાન,વ્રત, ભક્તિથી જીવને લાભ થાય એ તો ક્યાંય વાત રહી ગઈ. એ તો રાગ છે. આહાહા..! પ્રભુ! આત્મામાં રાગ નથી. એને જાણવા માટે તો રાગરહિતની પરિણતિ કામ કરે. એ ૨૮મી ગાથામાં કહેશે. પણ અહીં તો જ્ઞાનનો પર્યાય જેનો છે તેને જાણ્યા વિના એ પર્યાય પરને જાણવામાં એકલી રોકાયેલી (છે), પ્રભુ! આહાહા..! અને ઝઘડો ઊભો થયો ત્યાં. અગિયાર અંગ જાણ્યા, નવ પૂર્વ જાણ્યા. આહાહા..!

મુમુક્ષુ :- એટલે પોતે રહી ગયો.

ઉત્તર :- પોતે રહી ગયો જાણવાલાયક હતો. આહાહા..! કહો, 'દેવજીભાઈ'!

'**વહ નિજ સ્વરૂપ હી ઉપાદેય હૈ, અન્ય કોઈ નહીં હૈ.**' જુઓ! આહાહા..!

તાત્પર્ય મૂકે ને? તાત્પર્ય છે ને છેલ્લો. ભાવાર્થ મૂકે છે ને. શબ્દાર્થ, આગમાર્થ, નયાર્થ, મતાર્થ, ભાવાર્થ. પાંચ બોલ છે ને? દરેકમાં પાંચ છે. એમાં ભાવાર્થ મૂકી દે છે. આહાહા..! ૨૭ થઈ.

---

**अथ ऊर्ध्वं प्रक्षेपपञ्चकं कथयन्ति। तद्यथा –**

**२८) जित्थु ण इंदिय–सुह–दुहइँ जित्थु ण मण–वावारु।**
**सो अप्पा मुणि जीव तुहुँ अण्णु परिं अवहारु।।२८।।**

यत्र नेन्द्रियसुखदुःखानि यत्र न मनोव्यापारः।
तं आत्मानं मन्यस्व जीव त्वं अन्यत्परमपहर।।२८।।

**जित्थु ण इंदियसुहदुहइं जित्थु ण मणवावारु यत्र शुद्धात्मस्वरूपे न सन्ति न विद्यन्ते। कानि। अनाकुलत्वलक्षणपारमार्थिकसौख्यविपरीतान्याकुलत्वोत्पादकानीन्द्रियसुखदुःखानि यत्र च निर्विकल्पपरमात्मनो विलक्षणः संकल्पविकल्परूपो मनोव्यापारो नास्ति। सो अप्पा मुणि जीव तुहुं अण्णु परिं अवहारु तं पूर्वोक्तलक्षणं स्वशुद्धात्मानं मन्यस्व नित्यानन्दैकरूपं वीतरागनिर्विकल्पसमाधौ स्थित्वा जानीहि हे जीव, त्वम् अन्यत्परमात्मस्वभावाद्विपरीतं पञ्चेन्द्रियविषयस्वरूपादिविभावसमूहं परस्मिन् दूरे सर्वप्रकारेणापहर त्यजेति तात्पर्यार्थः। निर्विकल्पसमाधौ सर्वत्र वीतरागविशेषणं किमर्थं कृततं इति पूर्वपक्षः। परिहारमाह। यत एव हेतोः वीतरागस्तत एव निर्विकल्प इति हेतुहेतुमद्भावज्ञापनार्थम्, अथवा ये सरागिणोऽपि सन्तो वयं निर्विकल्पसमाधिस्था इति वदन्ति तन्निषेधार्थम्, अथवा श्वेतशङ्ख वत्स्वरूपविशेषणमिदम् इति परिहारत्रयं निर्दोषिपरमात्मशब्दादिपूर्वपक्षेऽपि योजनीयम् ।।२८।।**

इससे आगे पाँच प्रक्षेपकों द्वारा आत्मा ही का कथन करते हैं –

**गाथा – २८**

अन्वयार्थ :– [ यत्र ] जिस शुद्ध आत्मस्वभावमें [ इन्द्रियसुखदुःखानि ] आकुलता रहित अतीन्द्रियसुखसे विपरीत जो आकुलताके उत्पन्न करनेवाले इन्द्रियजनित सुख–दुःख [ न ] नहीं हैं, [ यत्र ] जिसमें [ मनोव्यापारः ] संकल्प–विकल्परूप मनका व्यापार भी [ न ] नहीं है, अर्थात् विकल्प रहित परमात्मासे व्यापार जुदे हैं, [ तं ] उस पूर्वोक्त लक्षणावालेको [ हे जीव त्वं ] हे जीव, तू [ आत्मानं ] आत्माराम [ मन्यस्व ] मान, [ अन्यत्परम् ] अन्य सब विभावोंको [ अपहर ] छोड़।

भावार्थ :– ज्ञानानन्दस्वरूप निज शुद्धात्माको निर्विकल्पसमाधिमें स्थिर होकर जान, अन्य परमात्मस्वभावसे विपरीत पाँच इन्द्रियोंके विषय आदि सब विकार परिणामोंको दूरसे ही त्याग, उनका सर्वथा ही त्याग कर। यहाँ पर किसी शिष्यने प्रश्न किया कि निर्विकल्पसमाधिमें सब जगह वीतराग विशेषण क्यों कहा है? उसका उत्तर कहते हैं – जहाँ पर वीतरागता है, वहीं निर्विकल्पसमाधिपना है, इस रहस्यको समझानेके लिये अथवा जो रागी हुए कहते हैं कि हम निर्विकल्पसमाधिमें स्थित हैं, उनके निषेधके लिये वीतरागता सहित निर्विकल्पसमाधिका कथन किया गया है, अथवा सफेद शंखकी तरह स्वरूप प्रगट करनेके लिये कहा गया है, अर्थात् जो शंख होगा वह श्वेत ही होगा, उसी प्रकार जो निर्विकल्पसमाधि होगी, वह वीतरागतारूप ही होगी।।२८।।

---

ત્યાર પછી પાંચ પ્રક્ષેપકોને કહે છે. તે આ પ્રમાણે :

ભાવાર્થ :- જે શુદ્ધાત્મસ્વરૂપમાં અનાકુળતા જેનું લક્ષણ છે એવા પારમાર્થિક સુખથી વિપરીત, આકુળતાને ઉત્પન્ન કરનાર, ઈન્દ્રિયજનિત સુખ-દુઃખ નથી અને જે શુદ્ધાત્મસ્વરૂપમાં નિર્વિકલ્પ પરમાત્માથી વિલક્ષણ, સંકલ્પ-વિકલ્પરૂપ મનોવ્યાપાર નથી તે નિજ શુદ્ધાત્માને હે જીવ! તું જાણ-નિત્યાનંદ જેનું એક રૂપ છે એવી વીતરાગ નિર્વિકલ્પ સમાધિમાં સ્થિત થઈને જાણ, પરમાત્મસ્વભાવથી વિપરીત, પાંચ ઈન્દ્રિયોના વિષયસ્વરૂપ આદિ અન્ય વિભાવસમૂહને દૂરથી જ સર્વ પ્રકારે છોડ. એ તાત્પયાર્થ છે.

પૂર્વપક્ષ :- નિર્વિકલ્પ સમાધિમાં સર્વત્ર 'વીતરાગ' વિશેષણ શા માટે લગાડવામાં આવ્યું છે?

તેનું સમાધાન :- વીતરાગ હોવાના કારણે જ તે નિર્વિકલ્પ છે એમ કારણ ને કાર્યપણું જણાવવા માટે (કારણ કે તે વીતરાગ છે તેથી જ તે નિર્વિકલ્પ છે એમ [૧]હેતુ-હેતુમાનનો ભાવ જણાવવા માટે.); અથવા પોતે સરાગી હોવા છતાં પણ અમે નિર્વિકલ્પ સમાધિમાં રહીએ છીએ એમ જેઓ કહે છે તેમના નિષેધ અર્થે; અથવા શ્વેતશંખની જેમ

---

૧. વીતરાગપણું હેતુ છે, નિર્વિકલ્પપણું હેતુમાન કાર્ય છે.

**આ સ્વરૂપવિશેષણ છે એમ સમજવા માટે, (જેમ શંખ છે તે શ્વેત જ હોય છે તેમ જે નિર્વિકલ્પ સમાધિ હોય છે તે વીતરાગ રૂપ જ હોય છે, એ રીતે સ્વરૂપ પ્રગટ કરવા માટે) 'વીતરાગ' એવું વિશેષણ મૂકવાનો હેતુ છે.**

**એ રીતે ત્રણ પરિહારને નિર્દોષ પરમાત્મા વગેરે શબ્દના પૂર્વપક્ષમાં પણ યોજવા જોઈએ. ૨૮.**

## ગાથા-૨૮ ઉપર પ્રવચન

૨૮. '**આગે પાંચ પ્રક્ષેપકોં દ્વારા આત્મા હી કા કથન કરતે હૈં –**' પ્રક્ષેપ ગાથા છે પાંચ, એમ કહે છે.

**૨૮) जित्थु ण इंदिय–सुह–दुहइँ जित्थु ण मण–वावारु।**

**सो अप्पा मुणि जीव तुहुँ अण्णु परिं अवहारु।।२८।।**

**અન્વયાર્થ :–** આહાહા..! '**જિસ શુદ્ધ આત્મસ્વભાવમેં...**' ભગવાનઆત્મા શુદ્ધ જ્ઞાનસ્વભાવમય જ્ઞાયકસ્વભાવમાં '**આકુલતા રહિત અતીન્દ્રિયસુખસે વિપરીત જો આકુલતાકે ઉત્પન્ન કરનેવાલે ઈન્દ્રિયજનિત સુખ દુઃખ નહીં હૈ,...**' આહાહા..! ઈન્દ્રિયજનિત સુખ-દુઃખ ભગવાનઆત્મામાં નથી. બહારની મીઠાશમાં જે દેખાય ને. પ્રેમ ને રાગ ને એ બધો સુખ-દુઃખનો ભાવ ભગવાનમાં નથી. આહાહા..! અતીન્દ્રિય સુખથી વિપરીત એવા ઈન્દ્રિય સુખની કલ્પના એ વસ્તુમાં નથી. આહાહા..! એથી પહેલું એમ લીધું, જુઓને! '**इन्द्रियसुखदुःखानि**' કહેવું છે ત્યાં આમ લીધું. '**આકુલતા રહિત અતીન્દ્રિયસુખસે વિપરીત...**' આહાહા..! '**આકુલતાકે ઉત્પન્ન કરનેવાલે ઈન્દ્રિયજનિત સુખ દુઃખ...**' ઈન્દ્રિયજનિત સુખ તો આકુળતાના ઉત્પન્ન કરનારા છે. સમજાણું કાંઈ?

પાંચ ઈન્દ્રિય તરફના પ્રેમથી ઉત્પન્ન થયેલો ભાવ એ બધો આકુળતા ઉત્પન્ન કરનાર છે. ભગવાન આનંદસ્વરૂપના પ્રેમથી ઉત્પન્ન થયેલો ભાવ અતીન્દ્રિય આનંદને પ્રાપ્ત કરાવે છે. આહા..! મોઘું પડે એટલે માણસને... એ '**અતીન્દ્રિયસુખસે વિપરીત જો આકુલતાકે ઉત્પન્ન કરનેવાલે...**' આહાહા..! વિષયોના લક્ષમાં જતી વિકલ્પદશા એ બધી દુઃખરૂપ આકુળતા ઉત્પન્ન કરે છે. આહા..!

'**સુખ દુઃખ નહીં હૈ,...**' આત્મામાં એ વસ્તુ છે નહિ. આહાહા..! પરને લક્ષે ઉત્પન્ન થયેલી ઈન્દ્રિય વિષયના સુખ દુઃખની કલ્પના, ભગવાનઆત્મામાં એનો અભાવ છે. એવા આત્માને તું જો. આહાહા..! એવા આત્માને તું જોવા જા અંદર. ભગવાન બિરાજે છે ને પ્રભુ, કહે છે. આહાહા..! 'નજરને આળસે રે મેં નયણે ન નિરખ્યા હરિ.' 'નયણને આળસે નિરખ્યા...' ભગવાન બિરાજે છે એને તેં જોયા નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આ મડદા, હાડકા, ચામડા, માંસ એને જોવા પ્રેમથી રોકાણો. એ પ્રેમ એ સુખ-દુઃખની કલ્પના

ને આકુળતા છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**જિસમેં...**' '**मनोव्यापारः**' આહાહા..! '**સંકલ્પ-વિકલ્પરૂપ મનકા વ્યાપાર ભી નહીં હૈ,...**' આહાહા..! સંકલ્પ-વિકલ્પની વ્યાખ્યા આપણે આવી ગઈ છે. એ જેમાં નથી. પૂર્ણાનંદ પ્રભુ. અનાકુળ આનંદનો નાથ સદાનંદ પ્રભુ, એમાં મનના સંકલ્પ-વિકલ્પનો અભાવ છે. '**વિકલ્પ રહિત પરમાત્માસે વ્યાપાર જુદે હૈં,...**' ખુલાસો કર્યો. એમ પહેલું કહ્યું હતું ને? '**આકુલતા રહિત અતીન્દ્રિયસુખસે વિપરીત...**' ઇન્દ્રિયના સુખ-દુઃખ. એમ વિકલ્પ રહિત ભગવાનઆત્મામાં મનનો વ્યાપાર જુદો છે. આહાહા..!

'**ઉસ પૂર્વોક્ત લક્ષણવાલેકો હે જીવ, તૂ આત્મારામ માન,...**' આહાહા..! મનના સંકલ્પ-વિકલ્પથી જુદો પ્રભુ, એને તું આત્મારામ જાણ. આહાહા..! નિશ્ચયની વાતું લોકોને એવી લાગે ને. વસ્તુ જ આ છે, ભાઈ! '**આત્મારામ માન,...**' આહાહા..! '**અન્ય સબ વિભાવોંકો છોડ.**' બધા વિકલ્પોની જાત... આહાહા..! એને છોડ.

'**ભાવાર્થ :- જ્ઞાનાનન્દસ્વરૂપ નિજ શુદ્ધાત્માકો...**' પહેલી વ્યાખ્યા કરી કે આત્મા કેવો છે. '**જ્ઞાનાનંદસ્વરૂપ નિજ શુદ્ધાત્મા...**' એ તો જ્ઞાન ને આનંદસ્વરૂપી ભગવાન છે. જ્ઞાન અને આનંદ જેનો સ્વભાવ ત્રિકાળ છે એ આત્મા. આહાહા..! '**નિર્વિકલ્પસમાધિમેં સ્થિર હોકર જાન,...**' કષાયના વિકલ્પથી રહિત અકષાયની સમાધિ, અકષાયની શાંતિ. આહાહા..! સમાધિ એટલે શાંતિ. અકષાયની શાંતિ વડે સદાનંદ ભગવાનને જાણ. આહાહા..! સમજાણું કાંઈ? એ સંકલ્પ-વિકલ્પથી ભિન્ન પ્રભુ છે. તેથી તેને જાણવામાં સંકલ્પ-વિકલ્પના કષાયથી રહિત અને નિર્વિકલ્પ કષાય રહિત એવી શાંતિ... આહાહા..! રાગ રહિત અને શાંતિ સહિત એવી સમાધિ એટલે શાંતિ એટલે દશા, એ દ્વારા જાણ એને. આહાહા..! આવું આકરું લાગે. વ્યવહારથી થાય... વ્યવહારથી થાય... એવા લોકોને (આ) આકરું લાગે.

કોણ ભેગા કરે, ભાઈ! આકરી વાત મૂકી ભાઈએ. ઉપાદાનવાદીઓ ઘોર નિમિત્તપરખ ઘોર નિમિત્તનો આશ્રય હંમેશા લે છે. અરે..! પ્રભુ! ભાઈ!

આ તો મને સમજાવો છો તો તમે વાણીનો-નિમિત્તનો આશ્રય લીધો કે નહિ? અરે..! પ્રભુ! એમ ન બોલ. આહા..! સિદ્ધાંત સત્ય શું છે? સત્યને સત્યપણે રાખ. બોલવાની ક્રિયા બોલવાથી થાય. એમાં આત્મા ક્યાં એને કરે છે? આહાહા..! અહીં તો સંકલ્પ-વિકલ્પનો કર્તા પણ આત્મા નથી, એનાથી જણાય એવો નથી. આહાહા..! પરમાનંદનો નાથ સદાનંદ પ્રભુ, આહાહા..! એમ આપ્યું છે ને? જુઓ!

'**જ્ઞાનાનંદસ્વરૂપ નિજ શુદ્ધાત્મા...**' ભગવાન પોતાનો પાછો. પર પરમેશ્વર અને વીતરાગની અહીં વાત નહિ. પરદ્રવ્યનું લક્ષ જશે તો એને રાગ થાશે. આહાહા..! '**જ્ઞાનાનંદસ્વરૂપ નિજ શુદ્ધાત્મા...**' એટલે તેથી વાત કરી. સમજાણું? આહાહા..! છે, જુઓ! '**नित्यानन्दैकरूपं वीतरागनिर्विकल्पसमाधौ स्थित्वा जानीहि**' નિત્યાનંદ લીધું છે. આહાહા..! પર તરફના વિકલ્પથી છૂટ અને સ્વ તરફની નિર્વિકલ્પ પરિણતિ દ્વારા ભગવાનને

જો. આહાહા..! માલ તો મૂક્યો છે ને. વસ્તુ તો આ છે.

'**જ્ઞાનાનંદસ્વરૂપ નિજ શુદ્ધાત્માકો નિર્વિકલ્પસમાધિમેં સ્થિર હોકર જાન,...**' એમ કહીને એમ કહે છે કે, વ્યવહારના વિકલ્પોથી તે જણાય એવો નથી. નિર્વિકલ્પ સમાધિની શાંતિથી જણાય એવો છે. આહાહા..! સમજાણું કાંઈ? એ તો વીતરાગ પરિણતિથી વીતરાગ સ્વરૂપ સદાનંદ જણાય એવો છે. વ્યવહારથી જણાય એવો નથી. આ લોકો કહે, વ્યવહાર પરંપરા મુક્તિનું કારણ. અરે..! પ્રભુ! શું છે? ખરેખર તો રાગ છે એ તો પરંપરા દુઃખનું કારણ છે. પણ જેને આત્માના આનંદનું ભાન થયું છે એને જે આ શુભરાગ આવ્યો, એમાં અશુભરાગ ઘટે છે અને પછી એને ટાળશે એથી પરંપરા એને આરોપ દેવામાં આવ્યો છે. સમજાણું કાંઈ?

બાકી તો પંડિતો ઘણા આઘુ-પાછુ કરીને એની વાતને સ્થાપે. પણ વસ્તુ તો આ છે. એમ કહે છે, તમે આ બધા આવા મકાન બનાવ્યા. 'રામજીભાઈ'એ આ બધું કાંઈ કર્યું. કેટલા પુસ્તકો બનાવો છો તમે. તમે નિમિત્ત દ્વારા તો ઉપાદાન.. અરે..! પ્રભુ! કોણ બનાવે? ભાઈ! એમ કે તમે નિમિત્ત દ્વારા ઉપાદાનવાદીઓ ઘોર નિમિત્તનો આશ્રય લે છે. પ્રભુ! શાંત થા, ભાઈ! અને નિમિત્તો દ્વારા અને સવાર, બપોર, રાત દ્વારા ઉપાદાનને કહે છે, ઉપાદાનથી થાય. રાગ દ્વારા, કરે નિમિત્ત દ્વારા. એય..! ભગવાન! આમ ન હોય, બાપુ! આહાહા..! માની મશ્કરી ન હોય. સમજાણું કાંઈ? એવા સત્‌ની સ્થિતિ જ્યાં ઊભી થતી હોય ત્યાં નિમિત્ત હો. પણ એ દ્વારા સત્‌ને સિદ્ધ કરે છે એમ નથી. સમજાણું કાંઈ? આહાહા..!

'**અન્ય પરમાત્મસ્વભાવસે વિપરીત પાંચ ઇન્દ્રિયોંકે વિષય આદિ સબ વિકાર પરિણામોંકો દૂરસે હી ત્યાગ,...**' આહાહા..! ભગવાન અને ભગવાનની વાણી પણ ઇન્દ્રિયનો વિષય છે. આહાહા..! એને છોડ, કહે છે. ભગવાન પોતે એમ કહે છે. ભગવાન એમ પોતે કહે છે, અમારા તરફનું લક્ષ તું છોડ. અને તું ભગવાન અંદર છો ત્યાં જાને. આહાહા..! ભાઈ! તને ભરોસો નથી બેસતો. એક સમયની પર્યાયની વ્યક્તતામાં રોકાયેલો એ એક સમયની પર્યાયની પાછળ આખું આત્મદળ છે. આખો પરમાત્મા છે એ. પણ એક સમયની પર્યાયમાં જ એની રમતું લાગી છે અનાદિથી. એટલે એવી આખી વસ્તુ છે એની નજર ન કરી. આહાહા..!

જૈન સાધુ થયો. દિગંબર થયો. નવમી ગ્રૈવેયક છેલ્લે જાય એ તો દિગંબર મુનિ જાય. એવી જેની શુભક્રિયા અને શુભ વિકલ્પ શુક્લલેશ્યા. પણ એ કાંઈ આત્મા નહિ. એવા શુક્લ લેશ્યાથી પણ જે આત્મા મળ્યો નહિ. વ્યવહાર તો ઘણો (પાળ્યો). 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઊપજાયો' પણ એ વિકલ્પથી પ્રાપ્ત થાય એવી એ ચીજ નથી. એ તો નિર્વિકલ્પ વીતરાગ પરિણતિથી પ્રાપ્ત થાય એવો વીતરાગભાવ છે. એ લક્ષમાં લીધો નહિ અને આ ક્રિયાકાંડમાં રોકાઈને ઘૂંચાઈ ગયો. આહાહા..!

'**પરમાત્મસ્વભાવસે વિપરીત પાંચ ઇન્દ્રિયોંકે વિષય આદિ સબ વિકાર પરિણામોંકો દૂરસે હી ત્યાગ,...**' આહાહા..! એટલે કે એ થવા જ ન દે, એમ કહે છે. આહાહા..! '**ઉનકા**

**સર્વથા હી ત્યાગ કર.**' છે? છે ને પાઠ? '**सर्वप्रकारेणापहर**' છે ને? અપરિ સર્વ પ્રકારે અપહર તજ. આહાહા..! '**સર્વથા હી ત્યાગ કર.**' વીતરાગનો માર્ગ સ્યાદ્વાદ કથંચિત્ છે. સંકલ્પ-વિકલ્પ કથંચિત્ છોડવા અને કથંચિત્ આદરવા એમ હશે? એ સ્યાદ્વાદ હોય? આ લોકો એમ કહે છે. નિમિત્તથી પણ થાય અને ઉપાદાનથી પણ થાય એને સ્યાદ્વાદ કહે છે. અરે..! ભગવાન! આહાહા..!

'**યહાં પર કિસી શિષ્યને પ્રશ્ન કિયા કિ નિર્વિકલ્પસમાધિમેં સબ જગહ વીતરાગ વિશેષણ ક્યોં કહા હૈ?**' જ્યાં ત્યાં વીતરાગ સમાધિ, વીતરાગ પરિણતિ એવો વીતરાગ શબ્દ કેમ લગાવો છો? લોકોને એમ છે ને? કે આવી વીતરાગપણાની આઠમેથી જ પ્રાપ્તિ હોય. એ લોકો પણ અહીં તો પહેલેથી વીતરાગ સમાધિ પરિણતિ સમ્યગ્દર્શનની (થાય) એ વીતરાગ પરિણતિ છે. આહાહા..! સમ્યગ્દર્શન એ અરાગી પરિણતિ છે. સ્વસંવેદનજ્ઞાન એ અરાગી જ્ઞાન છે. અને એટલો શાંતિ-સ્થિરતા એ અકષાય પરિણતિ છે. ચોથે ગુણસ્થાને, હોં! આહાહા..! નિર્વિકલ્પ સમાધિથી જાણ એમ કહ્યું. પાછું કહે, વીતરાગ કેમ કહ્યું? તો એ નિર્વિકલ્પ સમાધિથી જાણ એ ચોથે બીજી રીતે જણાય? અને આઠમે નિર્વિકલ્પ સમાધિથી જણાય એમ હશે? સમજાણું કાંઈ?

'**ઉસકા ઉત્તર કહતે હૈં - જહાં પર વીતરાગતા હૈ, વહીં નિર્વિકલ્પસમાધિપના હૈ,...**' ભાષા જુઓ! આહાહા..! રાગરહિત શાંતિ ત્યાં વીતરાગતા છે અને વીતરાગતા છે ત્યાં રાગરહિત શાંતિ છે. આહાહા..! ભૂતાર્થ સત્યાર્થ પ્રભુ પરમાત્મા, એના આશ્રયથી જે સમ્યગ્દર્શન થાય એ વીતરાગ પરિણતિ છે. સમજાણું કાંઈ? ચોથે ગુણસ્થાનથી વીતરાગ પરિણતિ છે, ભાઈ! આહાહા..! '**સબ જગહ વીતરાગ વિશેષણ ક્યોં કહા હૈ? ઉસકા ઉત્તર કહતે હૈં - જહાં પર વીતરાગતા હૈ, વહીં નિર્વિકલ્પસમાધિપના હૈ,...**' જ્યાં વીતરાગતા હોય ત્યાં રાગરહિત શાંતિ હોય.

'**ઈસ રહસ્યકો સમજાને કે લિયે અથવા જો રાગી હુએ કહતે હૈં કિ હમ નિર્વિકલ્પ સમાધિમેં સ્થિત હૈં,...**' જોયું! આહાહા..! છે રાગ અને કહે અમારે નિર્વિકલ્પ સમાધિ છે. આહાહા..! વેદાંતી છે ને આ? અમને અનુભવ થાય છે. અનુભવ થાય, ધૂળેય અનુભવ નથી. રાગનો અનુભવ છે. ઘણી રાગની મંદતા હોય એટલે એને લાગે કે મને આત્માનો અનુભવ થયો.

મુમુક્ષુ :- વીતરાગતા નથી તો ...

ઉત્તર :- એક જ છે. વિકલ્પ રહિત કહો કે રાગ રહિત કહો કે વીતરાગ સહિત કહો. છે તો એક જ. જોયું!

'**રાગી હુએ કહતે હૈં કિ હમ નિર્વિકલ્પસમાધિમેં સ્થિત હૈં, ઉનકે નિષેધકે લિયે વીતરાગતા સહિત નિર્વિકલ્પસમાધિકા કથન કિયા ગયા હૈ,...**' બે વાત થઈ. એક તો નિર્વિકલ્પ સમાધિ છે તે વીતરાગસહિત જ હોય. વીતરાગપણું હોય ત્યાં નિર્વિકલ્પસમાધિ હોય. એક વાત. અને રાગી પણ રાગમાં રોકાયને એમ કહે કે અમને નિર્વિકલ્પ સમાધિ છે

એને નિષેધ કરવા આ નિર્વિકલ્પ વીતરાગતા કીધી છે. આહાહા..! અને એવી પરિણતિ તો જેને ભગવાને સર્વજ્ઞે જેવો અને જેવડો આત્મા કહ્યો છે, તેવડો અને તેવો આત્મા દૃષ્ટિમાં આવે ત્યારે એને વીતરાગતા પ્રગટ થાય છે. અજ્ઞાનીઓએ કહેલા આત્મામાં વીતરાગી પરિણતિ ઊભી થતી જ નથી. સમજાણું કાંઈ? હવે આવો ઉપદેશ. આમાં શું કરવું કાંઈ? ઈચ્છામિ પડિકમણું કરવું, તત્સુત્રી કરવી. ભગવાન પાસે ઊભા રહીને કાયોત્સર્ગ કરવા, દર્શન કરવા.

અહીં તો કાયોત્સર્ગ નામ વિકલ્પથી પણ છૂટીને સ્થિર થાવું એનું નામ કાયોત્સર્ગ છે. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાત કરવી અને વળી પાછા મંદિરો ને પુસ્તકો લાખો (છપાવવા). વીસ લાખ પુસ્તકો છપાવ્યા. ચૌદ લાખ અહીંથી અને છ લાખ ત્યાંથી ‘જયપુર’. પ્રચાર તો નિમિત્ત દ્વારા કરો છો અને વળી કહે નિમિત્તથી થાય નહિ. એય..! ભગવાન! એમ ન અર્થ થાય, ભાઈ! એ તો એને કારણે, થવા કાળે પુસ્તકો થાય. મકાનને કાળે મકાન થાય. આ કોણે કરવા માગ્યું હતું? આવું કરવું હતું? ‘મુંબઈ’વાળાને નહોતું કરવું. ત્રણ લાખનું કરવું હતું એવું એ લોકોને એમ સાંભળ્યું હતું. પછી પાછળથી સાંભળ્યું, ત્રણ લાખનું. ૮૫નું ને? એમાં પાંચ લાખ કે કરોડો.. થવા કાળે થાય એને કરે કોણ? ભાઈ! આહાહા..! અને પાછા અહીંયાં થવા કાળમાં બે વર્ષ થઈ ગયા. ભાવ વધી ગયો. દાડિયાનો, કડિયાનો, માલનો. એટલે જ્યાં થવા કાળ (હોય)... બાપુ! ત્રણના પાંચ, પાંચના દસ, દસના છવ્વીસ થઈ ગયા. કોણ કરે? ભાઈ! આત્મા એક રજકણ પણ ફેરવે એ આત્માની તાકાત નથી. કરવું અને કહે કરી શકતો નથી. ભાઈ! કરવું નથી, બાપા! તને ખબર નથી, ભાઈ! જ્યાં થાય છે એને જાણવું. બસ. આત્મા કરે છે એ વસ્તુમાં નથી, ભાઈ! આહાહા..! તો આવા મકાનો દ્વારા આત્મા જણાય, એમ હશે? તો પછી કર્યા શું કરવા તમે આ બધા? ‘રામજીભાઈ’ બહુ ધ્યાન રાખતા હતા.

મુમુક્ષુ :- કોણે કર્યા? પુદ્ગલનું કાર્ય જીવ કરે? પરનું કામ તો પર કરે.

ઉત્તર :- અરે..! બોલવું કાંઈક, કરવું કાંઈક. કથન અને કરણીમાં ફેર છે, (એમ) કહે છે. એ કહે એ આપણે બરાબર જાણવું તો જોઈએ ને?

મુમુક્ષુ :- .... વધારે ખુલાસો થયો.

ઉત્તર :- આહાહા..! પહેલા જેમ જેમ વિરોધ થતો ગયો છે એમ એમ સ્પષ્ટીકરણ થતું ગયું છે. માર્ગ તો આવો છે, ભાઈ!

અહીં તો કહે છે, વીતરાગ તું. એટલે કે જેમાં શાંતિ અને સમાધિથી આત્મા જણાય તે સમાધિ વીતરાગવાળી જ હોય. એમાં લોકો સમાધિ જે કરે છે ને બાવા ને એ? એ નહિ. એનો નિષેધ કરવા વાત છે આ. અન્યમતિવાળા સમાધિ (લગાવે). શું ધૂળ સમાધો? સાંભળને! રાગ રહિત અકષાય પરિણતિ (થાય) એને વીતરાગી પરિણતિ અને એને સમાધિ કહીએ. એ દ્વારા ભગવાન જણાય એવો છે. આહાહા..! અને બીજી રીતે.. કીધું ને? રાગી હોય અને વીતરાગી પરિણતિ માનતા હોય એને બતાવવા વાત છે. આહાહા..! આત્મા એક

સર્વવ્યાપક છે એવો અનુભવ અમને થાય છે. એ વસ્તુ ખોટી છે એમ કહે છે. એને રાગનો અનુભવ છે ત્યાં અને માને છે કે અમે આત્માનો સાક્ષાત્કાર કરીએ છીએ. એને સમજાવવા વીતરાગતા લીધી છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'અથવા સફેદ શંખકી તરહ સ્વરૂપ પ્રગટ કરનેકે લિયે કહા ગયા હૈ, અર્થાત્ જો શંખ હોગા, વહ શ્વેત હી હોગા,...'** શંખ-શંખ. ધોળો શંખ. આહાહા..! **'ઉસી પ્રકાર જો નિર્વિકલ્પસમાધિ હોગી, વહ વીતરાગતારૂપ હી હોગી.'** મનના અને ઇન્દ્રિયના વિકલ્પોથી પાર ભગવાન, એની સન્મુખ થવામાં તો નિર્વિકલ્પ પરિણતિ જ હોય. વીતરાગ પરિણતિ જ હોય. શંખ હોય તે ધોળો જ હોય. એમ આત્માની પકડવાની દશા એ નિર્વિકલ્પ પરિણતિ વીતરાગી જ હોય. આહાહા..! સમજાણું કાંઈ? એમ કહીને કોઈ એમ કહે છે કે, વીતરાગભાવ નિર્વિકલ્પ સમાધિ તો આઠમે હોય. એનો પણ અહીં નિષેધ કરે છે. જ્યારે જ્યારે ભગવાન પરમાત્મસ્વરૂપ છે, એને સમજવા દૃષ્ટિ જ્યારે જાય છે ત્યારે એ દૃષ્ટિ નિર્વિકલ્પ અને વીતરાગી થાય છે. સમજાણું કાંઈ? આહાહા..! બહુ સારુ (આવ્યું).

**'શંખ હોગા, વહ શ્વેત હી હોગા, ઉસી પ્રકાર જો નિર્વિકલ્પ...'** આત્મા, આત્મા આનંદનો નાથ, પ્રભુ! અતીન્દ્રિય આનંદ સદાનંદ પ્રભુ આત્મા, એને અનુભવનારી દશા વીતરાગી જ હોય. આહાહા..! વિકલ્પની ત્યાં ગંધ ન હોય. આહાહા..! એ જણાવવા **'વીતરાગતારૂપ હી હોગી.'** એમ જણાવ્યું છે. ૨૮ થઈ. વિશેષ કહેશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**अथ यः परमात्मा व्यवहारेण देहे तिष्ठति निश्चयेन स्वस्वरूपे तमाह –**

**२९) देहादेहहिँ जो वसइ भेयाभेय-णएण।**
**सो अप्पा मुणि जीव तुहुँ किं अण्णेँ बहुएण।।२९।।**

**देहादेहयोः यो वसति भेदाभेदनयेन।**
**तमात्मानं मन्यस्व जीव त्वं किमन्येन बहुना।।२९।।**

**देहादेहयोरधिकरणभूतयोर्यो वसति। केन। भेदाभेदनयेन। तथाहि-अनुपचरितासद्भूतव्यवहारेणाभेदनयेन स्वपरमात्मनोऽभिन्ने स्वदेहे वसति शुद्धनिश्चयनयेन तु भेदनयेन स्वदेहाद्भिन्ने स्वात्मनि वसति यः तमात्मानं मन्यस्व जानीहि हे जीव नित्यानन्दैकवीतराग-निर्विकल्पसमाधौ स्थित्वा भावयेत्यर्थः। किमन्येन शुद्धात्मनो भिन्नेन देहरागादिना बहुना। अत्र योऽसौ देहे वसन्नपि निश्चयेन देहरूपो न भवति स एव स्वशुद्धात्मोपादेय इति तात्पर्यार्थः।।२९।।**

आगे यह परमात्मा व्यवहारनयसे तो इस देहमें ठहर रहा है, लेकिन निश्चयनयकर अपने स्वरूपमें ही तिष्ठता है, ऐसी आत्माको कहते हैं –

**गाथा – २९**

अन्वयार्थ :– [ यः ] जो [ भेदाभेदनयेन देहादेहयोः वसति ] अनुपचरितअसद्भूत–व्यवहारनयकर अपनेसे भिन्न जड़रुप देहमें तिष्ठ रहा है, और शुद्ध निश्चयनयकर अपने आत्मस्वभावमें ठहरा हुआ है, अर्थात् व्यवहारनयकर तो देहसे अभेदरूप (तन्मय) हे और निश्चयसे सदा कालसे अत्यन्त जुदा है, अपने स्वभावमें स्थित है, [ तं ] उसे [ हे जीव त्वं ] हे जीव, तूँ [ आत्मानं ] परमात्मा [ मन्यस्व ] जान। अर्थात् नित्यानंद वीतराग निर्विकल्पसमाधिमें ठहरके अपने आत्माका ध्यान कर। [ अन्येन ] अपनेसे भिन्न [ बहुना ] देह रागादिकोंसे [ किम् ] तुझे क्या प्रयोजन है ?

भावार्थ :– देहमें रहता हुआ भी निश्चयसे देहस्वरूप जो नहीं होता, वही निज शुद्धात्मा उपादेय है।।२९।।

---

હવે જે પરમાત્મા વ્યવહારથી દેહમાં રહે છે અને નિશ્ચયથી સ્વસ્વરૂપમાં રહે છે તેને (એવા આત્માને) કહે છે :

ભાવાર્થ : જે અનુપચરિત અસદ્ભૂત વ્યવહારનયથી–અભેદનયથી–સ્વપરમાત્માથી અભિન્ન સ્વદેહમાં રહે છે અને શુદ્ધ નિશ્ચયનયથી–ભેદનયથી સ્વદેહથી ભિન્ન સ્વાત્મામાં રહે છે, તેને હે જીવ ! તું આત્મા જાણ–નિત્યાનંદ જેનું એક રૂપ છે એવી વીતરાગ નિર્વિકલ્પ સમાધિમાં સ્થિત થઈને ભાવ. શુદ્ધાત્માથી ભિન્ન એવા દેહ, રાગાદિ અનેક પદાર્થોથી તારે શું પ્રયોજન છે ?

અહીં જે દેહમાં રહેવા છતાં પણ નિશ્ચયથી દેહરૂપ થતો નથી તે જ સ્વશુદ્ધાત્મા ઉપાદેય છે એવો તાત્પર્યાર્થ છે. ૨૯.

---

**વીર સંવત ૨૫૦૨, જયેષ્ઠ વદ ૧૨, ગુરુવાર**
**તા. ૨૪-૦૬-૧૯૭૬, ગાથા-૨૯-૩૦, પ્રવચન નં. ૧૭**

૨૯–ગાથા. '**આગે યહ પરમાત્મા...**' એટલે આ આત્મા. '**વ્યવહારનયસે તો ઈસ દેહમેં ઠહર રહા હૈ, લેકિન નિશ્ચયનયકર અપને સ્વરૂપમેં હી તિષ્ઠતા હૈ,...**' આત્માને કહે છે.

२९) देहादेहहिँ जो वसइ भेयाभेय–णएण।
सो अप्पा मुणि जीव तुहुँ किं अण्णेँ बहुएण।।२९।।

અન્વયાર્થ :– '**જો અનુપચરિતઅસદ્ભૂતવ્યવહારનયકર...**' સંબંધવાળી જૂઠી નયથી